

## વડીલોને વંદન અભિનંદન


શ્રી અરૂણભાઈ બુચ (૧૯૩૮) ફોન : ૨૩૨૬૦૩૭૦


નારણભાઈ ચુડાસમા (૧૯૪૭)મો.૯૭૨૬૯૮૨૪૯૧


વિઠ્ઠલભાઈ જે. પરમાર (૧૯૫૩)


મનુભાઈ એલ. સાવલીયા (૧૯૩૬) ફોન : ૨૩૨૨૩૫૭૧

# કોંગ્રેસ કાર્યકરો દ્વારા બફાટબાજ ગિરીરાજસિંહના પૂતળાનું દહન

મોડાસા, તા.૩

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ, મહિલા કોંગ્રેસ અને યુવા મોરચાએ આજે મોડાસાના હાર્દસમા ચાર રસ્તા પર ભાજપના કેન્દ્રીય પ્રધાનમંત્રી ગિરીરાજસિંહ એ બે દિવસ પહેલા અખીલ ભારતીય કોંગ્રેસ સમિતિના પ્રમુખ સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સામે કરેલા બેફામ વાણીવિલાસનો વિરોધ પ્રદર્શન કરી ગિરીરાજસિંહના પુતળાનું દહન કરી સુત્રોચ્ચાર કર્યા હતા.

ભાજપાના કેન્દ્રીય પ્રધાન ગિરીરાજસિંહે અખિલ ભારતીય છે જો રાહુલ ગાંધીએ નાઈજીરીયન મહિલા સાથે લગ્ન કર્યા હોત તો કોંગ્રેસીઓ તેમને નેતા પદે સ્વીકારતા નહી. જયારે ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી વેકેશન પર હોવાથી તેમની પણ મજાક ઉડાવી મલેશિયન વિમાન સાથે સરખાવતાં ભારત દેશનાં કોંગ્રેસીઓમાં હડકંપ મચી ગયો હતો જયારે વિવિધ મહિલા સંગઠનોએ પણ સોનિયા ગાંધી સામે કરેલા વંશીય ટીપ્પણીનો વિરોધ કરી મહિલાઓ પ્રત્યે સોચ બદલવાની માંગ કરી હતી ત્યારે આજે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિએ મોડાસાના ચાર રસ્તા પર ભાજપા મંત્રીઓએ માનસીકતા બદલવાની અને આવા બેફામ વાણી વિલાસ આચરનારા પ્રધાનોને તાત્કાલીક હોદ્દા પરથી દૂર કરવાની માંગ કરી હતી.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ દ્વારા કરાયેલા પુતળા દહનમાં આજે મોડાસા ધનસુરા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા અરુણભાઈ પટેલ, નગરપાલિકા સદસ્યો હુસેનભાઈ ખાલક, રાજાબાબુ તેમજ અરવલ્લી જિલ્લા કોંગ્રેસના જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા



કોંગ્રેસ સમિતિના પ્રમુખ સોનિયા ગાંધી સામે વંશીય ટીપ્પણી કરી મહિલાઓ માટે અભદ્ર શબ્દ પ્રયોગનો ઉપયોગ કરી કહ્યું હતું કે સેનિયા ગાંધી ગોરી ચામડીના કારણે કોંગ્રેસ પ્રમુખ બન્યા સવારે ૧૧.૩૦ કલાકે મોટી સંખ્યામાં મહિલા મોરચાના સભ્યો અને યુવા કોંગ્રેસના સભ્યોએ ઉપસ્થિત રહી ભાજપના કેન્દ્રીય પ્રધાન મંત્રી ગીરીરાજ સિંહના પુતળાનું દહન કરી પંચાયત સદસ્યો, મહિલાઓ અને યુવા કોંગ્રેસના સભ્યોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગીરીરાજસિંહ સામે સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

# મોડાસા શહેરમાં ટ્રાફિક હટાવાયો

## પોલીસે બાઈક અને ગાડીઓના ટાયરમાંથી હવા કાઢી

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક એવા મોડાસા શહેરમાં આડેધડ પાર્કિંગના કારણે ટ્રાફિકનો પ્રશ્ન માથાનું દુખાવા સમાન બની ગયો છે, જ્યારે નગરપાલિકા દ્વારા મોટી મોટી બિલ્ડીંગોને પર્મીશન અપાય છે પણ પાર્કિંગ ના હોવાના કારણે ટ્રાફિકનો પ્રશ્ન ત્યાં નો ત્યાં ઠેર છે.

મોડાસા શહેરમાં ડીપ વિસ્તારથી લઈને કોલેજ રોડ સુધી ટ્રાફિકની સમસ્યા પેચીદી બની છે ત્યારે આજે અરવલ્લી જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક બડોલિયા અને મોડાસા ટાઉન પી.આઈ. ચૌધરીની આગેવાનીમાં


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા શહેરમાં ટ્રાફિકનો પ્રશ્ન હલ કરવા માટે પોલીસ ટીમનો કાફલો મોડાસાના બજારમાં નીકળી પડ્યો હતો. મોડાસા શહેરમાં અંદાજે ૭૫૦૦૦ થી વધુ વસ્તી ધરાવતુ શહેર છે જે શહેરને ટ્રાફિકની સમસ્યા વારંવાર ઉધઈની જેમ કોરી ખાય છે. જ્યારે મોડાસા નગરના નાગરિકો હવે રજુઆત



કરવી તો કોને કરવી તે અને તેમના માટે એક સવાલ બન્યો છે તેનું કારણ એ છે કે તંત્ર પોતેજ બેદરકાર હોઈ તો આ નાગરિકોને તેમની વ્યથા કોને સંભળાવી હાલ મોડાસા શહેરના નાગરિકોની સ્થિત જાયે તો જાયે કહા... જેવી બનવા પામી છે.

નગરપાલિકાને તંત્રના અધિકારીઓ પોતાની ફરજથી જ્યારે પીછે હાથ કરતા હોય ત્યારે નાગરિકોને તેમનો ટ્રાફિકનો પ્રશ્ન હાલ થતો ન જણાય તો અંતે એનજીઓ અથવા તો મીડિયાની સહાય લેવી પડતી હોય છે ત્યારે આજરોજ પોલીસે તેની પોતાની નૈતિક ફરજ સમજી લાલ આંખ કરી ત્યારે આજે રાજા હોય કે રંક સૌને એક સમાન ગણી ટ્રાફિકનો પ્રશ્ન હલ કર્યો હતો.

# ડીસામાં ૭૦ શ્રમજીવી પરિવારોને દબાણ દૂર કરવા પાલિકાની નોટીસ

ડીસા, તા. ૩

ડીસા નગરપાલિકાએ વિકાસને વેગ આપવા હાથ ધરેલા કાર્યોમાં શ્રમજીવી વિસ્તારોના રોડ ઉપરના દબાણો હટાવવા કાપડી વિસ્તારના ૭૦ જેટલા રહીશોને નોટીસો આપતાં લોકોમાં ભય ફેલાયો છે, અને આ નોટીસથી શ્રમજીવી પરિવારોમાં રોષ અને વિરોધ નોંધાયો છે.

બનાસકાંઠાના વહેપારી મથક ડીસામાં નગરપાલિકા દ્વારા કેટલાક વિકાસલક્ષી કામો હાથ ધરાયેલ છે. જેમાં લાટીબજાર નજીક છેલ્લા ૪૦ વર્ષથી ૭૦ થી વધુ શ્રમજીવી પરિવારો કાચા પાકા મકાનો બનાવી રહે છે. જો કે તાજેતરમાં આ વિસ્તાર પરથી દબાણો હટાવવા મુખ્યમંત્રી ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રજુઆત થતા ડીસા પાલિકાએ આ વિસ્તારના ૭૦ થી વધુ રહીશોને સીટ નંબર ૫૦ અને સિટી સર્વે નંબર ૩૮૯૧ અને ૩૮૯૩ની વચ્ચે આવેલ ગવાડી સુધીનો રસ્તો અવરોધતા દબાણો દિન ૭માં ખાલી કરવા સુચના આપતી નોટીસ ઈશ્યુ કરેલ છે, અને મુદતે આ દબાણો દૂર નહિ થાય તો દબાણો કાયદા મુજબ તોડી પડાશે તેવું નોટીસે પાલિકાના મુખ્ય અધિકારીએ જણાવતા આ વિસ્તારના લોકોમા રોષ ફેલાયો છે.

આ દબાણો દૂર કરવા શ્રમજીવીઓને પાલિકાએ આપેલી નોટીસમાં ૩૧ માર્ચની તારીખ દર્શાવેલ છે અને સાત દિવસની મહેતલ દબાણો ખાલી કરવા અપાયેલ છે. જો કે સ્થાનિકોનું માનીએ તો તેમને આજે ૩ એપ્રિલે આ નોટીસ અપાયેલ છે, જે અન્યાયી છે વળી, અહીં વર્ષો જુનું હિંગળાજ માતાનું મંદિર આવેલું છે તે પણ દબાણમાં તોડી પડાશે તેવી વ્યાજબી શક્યતા એ અહીના સ્થાનિક રહીશોએ બિલ્ડરોને આ જગ્યા ફાળવવા અમારા ૪૦ વર્ષ જુના દબાણો દૂર કરાઈ રહ્યાનો પણ આક્ષેપ કર્યો હતો.

## અડાલજમાં ખુલ્લેઆમ જુગાર રમતા ત્રણ શકુની ઝડપાયા

### રૂ. ૧૦ હજારનો રોકડ મુદ્દામાલ જપ્ત કરી ત્રણેયની ધરપકડ કરાઈ

ગાંધીનગર, તા. ૩

અડાલડ ગામમાં સ્થિત ઝાલાપરા વાસમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસે આજે બપોરે દરોડો પાડી ત્રણ શકુનીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે દરોડો પાડીને રોકડ રૂ. ૧૦,૨૩૦ના મુદ્દામાલ સાથે ચંદુજી ઉર્ફે તલાજી શંકરજી ઠાકોર, પ્રહલાદજી આતાજી ઠાકોર અને અંબાલાલ જેઠાલાલ વાલ્મીકીની ધરપકડ કરી લઈ પીએસઆઈ ટી.બી. રાઠોડે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મેઘરજના ડુડવાડા નજીક

# અમદાવાદના પરિવારની ઈકોકાર પલટી : પરિવારનો આબાદ બચાવ

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ડુડવાડા ગામ નજીક આજે સવારે ૧૧ વાગ્યાના સમયે અમદાવાદથી રાજસ્થાનના પીઠ ગામે લૌકીકક્રિયા માટે જઈ રહેલા પરિવારની ઈકો કારના કારચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા રોડની બાજુમાં આવેલા ખેતરમાં ખાબકી હતી. સદનસીબે ઈકો કારમાં બેઠેલા પરમાર પરિવારનો આબાદ બચાવ થયો હતો.

મેઘરજ તાલુકાના ડુડવાડા ગામ નજીક આજે સવારે ૧૧ વાગ્યાના સમયે અમદાવાદ તરફથી પીઠ તરફ જઈ રહેલી ઈકો કાર પલટી મારી ગઈ હતી. આ ગાડીમાં સવાર એક પરિવારના સભ્યોનો ચમત્કારિક બચાવ થયો હતો અને મોટી દુર્ઘટના બનતા ટળી ગઈ હતી. અમદાવાદ પાલડી વિસ્તારમાં રહેતા ઈન્દ્રજીતસિંહ જસવંતસિંહ પરમાર પોતાના પરિવારના સભ્યો સાથે ઈકો કાર લઈ અમદાવાદથી રાજસ્થાનના પીઠ ગામે મરણ પ્રસંગે લાકોચાર માટે જઈ રહ્યા હતા ત્યારે મેઘરજ તાલુકાના ડુડવાડા નજીક કાર ચાલકે અચાનક સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં ઈકો કાર રોડની સાઈડમાં આવેલી ચોકડીમાં ખાબકી હતી. કાર ચોકડીમાં ખાબકતાં કારમાં સવાર પરિવારના બે સભ્યોને સામાન્ય ઈજા પહોંચી હતી. અકસ્માતના પગલે દોડી આવેલા ગામલોકોએ ઈજા પહોંચેલ વ્યક્તિઓને સારવાર માટે મેઘરજની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા અને પરિવારના સભ્યોનો આબાદ બચાવ થયો હતો. ઈજાગ્રસ્ત થયેલ જયશ્રીબેન નરેન્દ્રસિંહ ચૌહાણ ઉં.વ. ૩૦, મુજાલ રાજેન્દ્રસિંહ ઝાલા ઉં.વ.૧૪ બન્ને રહે. અમદાવાદ પાલડીને ઈજાઓ પહોંચી હતી.



## હાટકેશ દાદાની જયંતિ ઉજવાઈ

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં અણિયોર ખાતે હાટકેશ્વર જયંતિનું ભટ્ટ પરિવાર દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે પૌરાણિક સમયમાં વડનગરના રાજાએ નાગર બ્રાહ્મણોની સ્થાપના કરી હતી. જેનો ઉલ્લેખ સ્કંદ પુરાણમાં જોવા મળે છે. વડનગરમાં આવેલા હાટકેશ્વર મંદિરેથી તા. ૩જી એપ્રિલે ભવ્ય યાત્રા કાઢી હાટકેશ દાદાની જયંતિ ઉજવવામાં આવી હતી. (અશેષ ત્રિવેદી, મોટા ચેખલા)

# બેચરાજી ચૈત્રી મેળાનો આરંભ

મહેસાણા, તા. ૩

ચૈત્રી પુનમે મા ત્રિપુરાસુંદરીના ચોથા પ્રાગટ્ય સ્વરૂપે બેચરાજી ખાતે માઈ ભક્તો દર્શનાર્થે આવે છે. ચૈત્રી માસ ભક્તિ માટે મહત્વનો માસ છે. તેમાં ચૈત્રી પુનમનું મહત્વ અનેરૂ વધી જાય છે. પ્રતિ વર્ષે રાજ્ય સરકાર દ્વારા યોજાતો ચૈત્રી પુનમનો મેળો આ વર્ષે ૨ એપ્રિલથી ૪ એપ્રિલ દરમિયાન યોજાનાર છે. ચૈત્રી પુનમ મેળાનો વિધિવત પ્રારંભ રાજ્ય કાયદા તેમજ યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ કર્યો હતો. ચૈત્રી પુનમના મેળા માટે આવતા યાત્રિકોની સુવિધા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુખાકારી સગવડો કરવામાં આવી છે.

ચૈત્રી પુનમના મેળાનો પ્રારંભ કરાવતા યાત્રાધામ વિકાસમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ચૈત્રી માસના પવિત્ર દિવસે મા ના શરણમાં શીશ ઝુકાવાનું અને મેળાનો પ્રારંભ કરવાનો મને અવસર મળ્યો છે તેને મારૂ સૌભાગ્ય ગણું છું. ગુજરાત પવિત્ર યાત્રાધામોનું રાજ્ય છે. યાત્રાધામોના વિકાસ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૫૧ શક્તિપીઠો મુર્તિસ્વરૂપ ગબ્બરમાં પ્રસ્થાપિત કરી અંબાજી યાત્રાધામમાં યાત્રિકોની સંખ્યા ૨.૪૨ કરોડ જેટલી થઈ છે. રાજ્યના તમામ શ્રદ્ધાના કેન્દ્રોનું જનત કરવું અને આવશ્યક ફંડ ઉપલબ્ધ કરવું રાજ્ય સરકારની ફરજ છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે બેચરાજીમાં પાલખીપથ ૧.૭૦ કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલ છે. આ ઉપરાંત યાત્રાધામ વિકાસ માટે માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. મંદિરની ઉંચાઈ માટે સ્થાપત્ય, શિલ્પ અને વાસ્તુશાસ્ત્રી સાથે પરમાર્શ કરી લોકોની શ્રદ્ધાનું જતન થાય તે રીતે સરકાર યોગ્ય નિર્ણય લેશે તેમ જણાવ્યુ હતુ. રાજ્યની પ્રગતિ આ શક્તિને આભારી છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલે યાત્રાધામોના વિકાસ માટે આવશ્યક ફંડને મંજૂરી આપેલ છે. જેનાથી આગામી વર્ષમાં યાત્રાધામોનો અવિરત વિકાસ થનાર છે.

ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાંત પટેલે જણાવ્યું હતું કે ચૈત્રી પુનમના મેળાનું વિશેષ મહત્વ રહેલુંછે. આપણી સંસ્કૃતિએ ધર્મને મહત્વ આપેલ છે.

## શબ્દાવલી - ૫૬૯૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ■ | ૫ |
| ■ | | ■ | ૬ | ૭ | | ■ | |
| ૮ | | ૯ | ■ | | ■ | ૧૦ | |
| ૧૧ | | | ■ | | ■ | ૧૨ | |
| | ■ | ૧૩ | ૧૪ | | | ■ | ■ |
| ■ | ■ | ૧૫ | | | ■ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ■ | ■ | | ■ | ૧૯ | | |
| ૨૦ | | | ■ | ૨૧ | | | ■ |

### આડી ચાવી

૧. જથ્થાબંધ (૪)
૬. ચોકી, પહેરો (૩)
૮. મદદ (૩)
૧૦. ઘંટડી (૨)
૧૧. શાયરી કરનાર (૩)
૧૨. ગુંદર (૨)
૧૩. દાન કરનાર, દાની (૪)
૧૫. લક્ષણ, ગુણ, છાપ (૩)
૧૬. માલિક, શેઠ (૨)
૧૯. ક્ષેમ, મજામા (૩)
૨૦. શંકાશીલ (૩)
૨૧. શેકીને કડકકરેલી રોટલી(૩)

### ઊભી ચાવી

૨. કવખત, કસમો (૪)
૩. ધ્વજ, વાવટો (૨)
૪. ગામગપાટો, ચર્ચા (૨)
૫. પિયુ, પ્રિયતમ (૪)
૭. ઉત્તરવીર, શ્રેષ્ઠવીર (૫)
૮. બુદ્ધિશાળી (૩)
૯. કર ભરનાર (૪)
૧૦. સુટકેસ (૨)
૧૪. ભાગ્ય, કિસ્મત (૩)
૧૬. આશ્રય, સહારો (૩)
૧૭. સમય (૨)
૧૮. કિંમત, મૂલ્ય (૩)
૧૯. ગોદ, ખોળો (૨)

### શબ્દાવલી ૫૬૮૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) લીમકા (૩) પીજા (૬) ખડ (૭) સુરસુરીયું (૯) દાડમ (૧૦) સમર (૧૧) સાન (૧૨) ઘરકામ (૧૪) મમત (૧૬) અમી (૧૭) તનમનાટ (૨૦) છાવ (૨૧) રસ (૨૨) વલવલાટ

**ઊભી ચાવી :-** (૧) લીખ (૨) મડદાઘર (૩) પીર (૪) જાસુસ (૫) મયૂર (૭) સુમસામ (૮) રીમઝીમ (૧૨) ઘડતર (૧૩) કાયમ (૧૪) મમી (૧૫) તલવટ (૧૬) અટલ (૧૮) નસ (૧૯) નાવ (૨૦) છાલા

# ડૉ. આંબેડકર જન્મજયંતિ સમિતિની બેઠક મળશે

ગાંધીનગર, તા.૩

આગામી ૧૪ એપ્રિલના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિની દેશભરમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. ડૉ. બાબા સાહેબની વિચારધારાને સમર્પિત સંસ્થાઓ, મંડળીઓ ઉત્સાહથી જન્મદિવસ મનાવશે.

ગાંધીનગરમાં ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ સમિતિ દ્વારા ૧૪ એપ્રિલના રોજ ૧૨૫મી જન્મ જયંતિ મનાવવામાં આવશે. ત્યારે મહોત્સવને લઈ તા. ૬ એપ્રિલ ૨૦૧૫ના રોજ સેકટર-૧૨ ડૉ. આંબેડકર ભવન ખાતે બપોરે ૪.૩૦ વાગે બેઠક મળશે. બેઠકમાં નગરની આંબેડકર વિચારધારાને સમર્પિત સંસ્થાઓ, મંડળીઓને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## રાહ જૂએ છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જો એપ્રિલમાં ઈન્સ્પેક્શન થઈ જાય તો મે માં આગળની કાર્યવાહી હાથ ધરાય. મળતી વિગતો પ્રમાણે ઉત્તર ગુજરાતની તમામ મેડિકલ કોલેજોમાં એમ.સી.આઈ.ના ઈન્સ્પેક્શનની કાગડોળે રાહ જોવાઈ રહી છે. આ વર્ષે હિંમતનગર અને વડનગરમાં પ્રથમ વર્ષની મંજૂરી માંગવામાં આવી છે તો ગાંધીનગર અને પાટણમાં ચોથા વર્ષના અભ્યાસક્રમની મંજૂરી અટવાઈ છે.

# મોડાસાની સરસ્વતી બાલ મંદિરના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં શ્રી સરસ્વતી બાલ મંદિર મંડળ સંચાલિત ડિપ વિસ્તારમાં આવેલી શ્રી વેણીચંદ પ્રાથમિક શાળા અને રત્નદિપ સરસ્વતી બાલ મંદિર શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો.

મોડાસા શહેરની ખૂબ જ જાણીતી અને આજના યુગમાં મધ્યમવર્ગ અને આમ આદમીને તેમના બાળકોને પોસાય તેવી નજીવી ફી સાથે અભ્યાસ પુરૂ પાડવા માટે અને વિદ્યાર્થીઓને ભણતર સાથે ગણતરનું જ્ઞાન આપવા માટે વર્ષોથી શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ સંચાલિત ડિપ વિસ્તાર અને રત્નદિપ સોસાયટીમાં બે શાળાઓનું સંચાલન કરવામાં આવે છે. ત્યારે બન્ને શાળાના ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. વિદાય સમારંભમાં કેટલાક વિદ્યાર્થી-વિદ્યાર્થીઓને શાળા તરફથી અભ્યાસ અર્થે મળેલા સહકાર અને સંસ્કારનું વર્ણન કરતાં વિદાય સમારંભમાં ઉપસ્થિત મહેમાનો, શાળા સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીઓ સાથે હાજર રહેલા વાલીઓમાં હર્ષોના આંસુ છલકાયા હતા. શ્રી સરસ્વતી બાંલમંદિર મંડળ સંચાલિત ધોરણ-૮ના વિદાય સમારંભમાં મંડળના પ્રમુખ નિલેષભાઈ જોષી, મનિષ તલાટી, નાનાલાલ પ્રજાપતિ, નરસિંહપ્રસાદ જોષી, દિપક જોષી (પ્રીન્સીપાલ આર્ટસ કોલેજ મોડાસા) રાજા બાબુ (પ્રમુખ ઘાંચી હાઈસ્કૂલ) જેવા મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. વિદાય સમારંભનું સંચાલન અમૃતભાઈ રબારી (આચાર્ય), કિરણાબેન (આચાર્ય) તથા શાળાના સ્ટાફ પરિવારે સફળ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુર ઠાકોર સમાજના યુવાનો બાવન ગજની ધજા સાથે અંબાજી પગપાળા જવા માટે રવાના

પાલનપુર શહેરના ગઠામણ દરવાજા પાસે આવેલા માતાજીના મંદિરેથી ચૈત્રી પૂનમના રોજ મા અંબાના ધામ અંબાજી જવા માટે પાલનપુર ઠાકોર સમાજના યુવકો દ્વારા છેલ્લા પંદર દિવસથી રાત દિવસ એક કરી પાલનપુરના દરેક ઠાકોર સમાજના વિસ્તારોમાં મોડી રાત સુધી સભાઓ ગોઠવી સમાજના લોકોને એક કરવા તથા ઠાકોર સમાજમાં પ્રસરેલ કુરીવાજો, વ્યસનો જેવી બદીઓને જડમુળથી ઉખાડી ફેંકીને સમાજ પ્રગતિના ઉચ્ચ શિખરો સર કરે તેવી ઉમદા ભાવના સાથે ચૈત્રી પૂનમના રોજ મા અંબાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ઠાકોર સમાજના લોકોને જોડાવા આહવાન કરાયું હતું. જેમાં લગભગ ૭૦૦થી વધારે યુવકો અને મહિલાઓ આ સંઘમાં જોડાયા હતા અને ધમાકેદાર ડીજેના તાલે ગરબે ઘૂમતાં માં અંબાના ધામ તરફ પ્રયાણ કર્યું હતું. યુવાનો અને મહિલાઓ ઉપરાંત બાળકોએ પણ ખુબ જ ઉત્સાહપૂર્વક આ સંઘમાં જોડાઈને સંઘની શોભા વધારી હતી.

આ સંઘમાં બાવન ગજની ધજાની સાથે સાથે માતાજીના ભવ્ય રથને પણ શણગારીને તૈયાર કરવામાં આવ્યો હતો જેના દર્શન કરી પાલનપુર શહેરના ભાવિક ભકતોએ ધન્યતા અનુભવી હતી. ઉપરાંત ઠેર ઠેર શરબત તથા અન્ય ચીજવસ્તુઓ દ્વારા આ સંઘમાં જોડાયેલા યાત્રિકોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.